# હોળી પર્વ નિમિત્તે આકર્ષક હેમ્પર્સની બોલબાલા

## હેમ્પર્સમાં હાયડા, ધાણી, ખજૂર, ચણા, કલર, પિચકારી, ટી-શર્ટ, જ્યુસ વિગેરે મુકવામાં આવે છે જેનો ભાવ રૂપિયા ૧૦૦ થી ૨૦૦૦ સુધીનો છે

ગાંધીનગર, તા. ૨

હોળીનું પાવન પર્વ આવી રહ્યુ છે. જેની તૈયારીઓમાં શહેરીજનો પણ લાગી ગયા છે.

બજારોમાં હોળી-ધૂળેટી પર્વની નાની-મોટી ચીજવસ્તુઓનું વેચાણ શરૂ થઈ ચૂક્યુ છે. ત્યારે આજે આપણે વાત કરીએ હોળી રીલેટેડ હેમ્પર્સની. જેમાં હોળી પર્વ નિમિત્તે હોળી-ધૂળેટીમાં ઉપયોગી તમામ ચીજવસ્તુઓને એક કરીને હેમ્પર્સ બનાવવામાં આવી રહ્યા છે.

ગાંધીનગરમાં રહેતા અને રાજકોટના વતની એવા કવિતાબેન કોટક દ્વારા હોળી પર્વ નિમિત્તે સુંદર મજાની ક્રિએટીવીટી તૈયાર કરવામાં આવી છે.

હોળી પર્વમાં આપવામાં આવતી ભેટ સોગાદોમાં આ હેમ્પર્સનો ઉપયોગ વધી રહ્યો છે. ગ્રાહકોની પસંદગી મુજબના હોળી હેમ્પર્સ બનાવવામાં આવ્યા છે.

જેમાં ચોકલેટ હેમ્પર્સ, છાબ ડેકોરેશન, કસ્ટમાઈઝ હેમ્પર્સ જેમાં હોળીની વાનગીઓ ખજૂર, ધાણી, ચણા, હાયડા સાથે જ્યુસની




બોટલ, પિચકારી, કલર મુકીને સુંદર મજાના હોળી પર્વના હેમ્પર્સ બનાવવામાં આવ્યા છે. હાયડાની જે જૂની પરંપરા છે તે જળવાઈ રહે અને આજના જમાના પ્રમાણે કંઈક નવીન લાગે એ પ્રમાણેના ક્રીએટીવ હાયડા ગ્રાહકો દ્વારા બનાવડાવવામાં આવે છે. જેમાં ફોટાવાળા, નામવાળા ચોકલેટ, ખજૂર, ધાણી વગેરે... ધૂળેટી માટે હેમ્પર્સમાં ચોકલેટ, હોલી હૈ વાળી ટી-શર્ટ, જ્યુસ, કલર વગેરેનો સમાવેશ કરાય છે. ૧૫૦૦ રૂ. થી ૨૦૦૦ હજાર અને હાયડાના હારનો ભાવ ૧૫૦થી ૨૫૦ રૂપિયા છે. આ ઉપરાંત ગ્રાહકોની પસંદગીના વિવિધ પર્વોના હેમ્પર્સ તૈયાર કરવામાં આવે છે.

જેમાં તાજેતરમાં હોળી પર્વ નિમિત્તો અવનવી વેરાયટીઓ જે બજારોમાં મળતી વેરાયટીઓ કરતા પણ લાજવાબ અને પોષાય તેવા ભાવમાં ઉપલબ્ધ છે. કે.કે. ચોકલેટ ઈન્સ્ટ્રાગ્રામ અને ફેસબુક પેજ પર કવિતાબેન કોટક દ્વારા તેમની ક્રિએટીવીટીનું આકર્ષણ જમાવવામાં આવી રહ્યું છે જેને લોકો ખૂબ પસંદ કરી રહ્યા છે.

# વાવોલ-પુન્દ્રાસણ વચ્ચેનું ગરનાળુ ગંદકીથી ખદબદયું

**છેલ્લા બે વર્ષથી ગટરનું પાણી ભરાઈ રહેતા સ્થાનિકો દ્વારા આ પાણીના નિકાલ કરવાની ઉગ્ર માંગણી : સ્થાનિક કોર્પોરેટર રજૂઆતને સાંભળતા નથી તેવી ફરિયાદો ઉઠી**



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં સમાવિષ્ટ વાવોલ ગામમાં પુન્દ્રાસણ-કોલવડા તરફ જતા વચ્ચે એક ગરનાળુ છે જ્યાં છેલ્લા બે વર્ષથી પાણી ભરાઈ રહે છે. જેમાં તાજેતરમાં આ ગરનાળામાં અસહ્ય ગંદકી અને લીલ થઈ જવા પામેલ છે. જે મચ્છરોનો ઉપદ્રવ ફેલાવવાની સાથે આસપાસના વસાહતીઓ માટે ગંદકીનું સામ્રાજ્ય બન્યુ છે.

આ વિસ્તારમાં રહેતા સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ આ બાબતે સ્થાનિક કોર્પોરેટર શૈલેષ પટેલ અને ડે. મેયર પ્રેમલસિંહ ગોલને મૌખિક તેમજ લેખિત રજૂઆત કરવામાં આવી છતાં કોઈ જ નિવારણ થઈ શક્યું નથી. આ સાથે પાટનગર યોજનાને પણ રજૂઆત કરવામાં આવી છે પરંતુ આ બાબતે કોઈ ફરિયાદ સાંભળતુ નથી અને લોકો ધક્કા ખાઈ રહ્યા છે.

આ ગરનાળામાં ગટરનું પાણી ઘણા સમયથી ભરાઈ રહેલુ હોવાથી સ્થાનિક લોકોને મચ્છરજન્ય રોગ થવાની ભીતિ હોવાથી તાત્કાલિકપણે આ પાણીનો નિકાલ કરવાની માંગણી કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ ડેન્ગ્યુનો ભોગ બનશે તો કોણ જવાબદાર રહેશે. લોકોમાં રોષની સાથે સાથે નિરાશા પણ વ્યાપી છે કારણ કે સ્થાનિક કોર્પોરેટર દ્વારા તેમના પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આળસ કરાઈ રહી છે. તેથી આળસ ખંખેરીને આ બાબતે ઉકેલ લવાય તેવી ઉગ્ર માંગમી સ્થાનિકો દ્વારા કરાઈ રહી છે.

# શહેરમાં પરીક્ષાઓનો માહોલ

**સીબીએસઈ બોર્ડની પરીક્ષાઓનો પ્રારંભ થયો : શાળાઓમાં મૌખિક પરીક્ષાઓ શરૂ થઈ : સ્પર્ધાત્મક પરીક્ષાઓના ઉમેદવારો પણ તૈયારમાં લાગ્યા**

ગાંધીનગર, તા. ૨

માર્ચ મહિનો શરૂ થયો છે ત્યાં જ પરીક્ષાઓનો માહોલ જામવા માંડ્યો છે. સેન્ટ્રલ બોર્ડની શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ ચૂકી છે. આ ઉપરાંત ટૂંક સમયમાં જ સરકારી ભરતીની પરીક્ષાઓ યોજાવાની હોઈ ઉમેદવારો પરીક્ષાની તૈયારીમાં લાગી ચૂક્યા છે.

ઉનાળાની મોસમ જામે તે સાથે જ પરીક્ષાઓનો માહોલ પણ જામવા માંડે છે. માર્ચ મહિનો શરૂ થયો તે સાથે જ શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓનો માહોલ જામવા માંડ્યો છે. શહેરમાં સીબીએસઈ બોર્ડની ઘણી શાળાઓ છે. આ શાળાઓમાં વાર્ષિક પરીક્ષાઓ શરૂ થઈ ચૂકી છે. સીબીએસઈ બોર્ડની ધો. ૧૦ અને ધો. ૧૨ની પરીક્ષા પણ ચાલી રહી છે. વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત બન્યા છે. આ ઉપરાંત સ્ટેટ બોર્ડની શાળાઓમાં મૌખિક પરીક્ષાઓ અને પ્રેક્ટીકલ પરીક્ષાઓ શરૂ થઈ ચૂકી છે. ઈન્ટરનલ માર્કસ આપવાની કામગીરી પણ હાલમાં ચાલી રહી છે. હવે થોડાક જ દિવસોમાં સ્ટેટ બોર્ડની ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ શરૂ થવા જઈ રહી છે ત્યારે વિદ્યાર્થીઓ તો પરીક્ષાની તૈયારીમાં ગળાડૂબ બન્યા જ છે સાથોસાથ શાળાઓનો સ્ટાફ પણ તૈયારીમાં લાગી ચૂક્યો છે. પંચાયત ક્લાર્કની પરીક્ષા આગામી એપ્રિલ માસમાં યોજાવાની હોઈ તેની તૈયારીઓમાં ઉમેદવારો લાગી ચૂક્યા છે. આ પરીક્ષામાં ઘણા વિદ્યાર્થીઓ બેસવાના હોઈ સ્પર્ધા ખૂબ વધુ છે. ઉમેદવારો સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્લાસીસમાં અને લાયબ્રેરીમાં જઈને સઘન અભ્યાસ કરી રહ્યા છે. જાણે આખુ ગાંધીનગર પરીક્ષામય બની ગયુ હોય તેવુ લાગી રહ્યુ છે.

# ન્યુ વાવોલ વિસ્તારમાં ગુડાના ગાર્ડનમાં નિઃશુલ્ક યોગ વર્ગો



ગાંધીનગર, તા.૦૨

ગાંધીનગર શહેર સ્વાસ્થ્ય પ્રેમી નાગરિકોનું શહેર છે જ્યાં નાગરિકો પોતાની તંદુરસ્તી અને સ્વાસ્થ્ય માટે ખુબ જાગૃત છે જેના કારણે શહેરમાં યોગ-પ્રાણાયામની પ્રવૃતિઓ પણ વિશેષ જોવા મળે છે. શહેરના ન્યુ વાવોલ વિસ્તારમાં ઉવારસદ રોડ પર અક્ષરવિલા સોસાયટી નજીકની સમર્પણ પાર્ક સોસાયટી પાસેના ગુડાના ગાર્ડનમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અંતર્ગત નિઃશુલ્ક યોગ વર્ગો ચાલી રહ્યાં છે જેમાં યોગ-પ્રાણાયામ અને ઉપયોગી વ્યાયામની વિના મૂલ્યે તાલીમ આપવામાં આવી રહી છે. આ યોગ વર્ગોમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના પ્રમાણિત યોગ ટ્રેઈનર્સ સચિનભાઈ પટેલ અને પિનલબેન પટેલ દ્વારા ચલાવવામાં આવી રહ્યાં છે. તા. ૧લી માર્ચથી પ્રારંભ થયેલા આ નિઃશુલ્ક યોગ વર્ગો દરરોજ સવારે ૭ થી ૮.૩૦ કલાકે અને સાંજે ૫.૩૦થી ૭ કલાક દરમ્યાન ચલાવવામાં આવે છે જે તામલ.૩૧મી માર્ચ સુધી ચાલશે જેમાં મોટી સંખ્યામાં યોગાર્થી નાગરિકો જોડાઈ રહ્યાં છે. આ સાથે વાવોલ વિસ્તારના સ્વાસ્થ્ય પ્રેમી નાગરિકોને આ યોગ વર્ગોમાં જોડાવા માટે બંને યોગ ટ્રેનર્સ દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે. વિના મૂલ્યે ચાલતાં આ યોગ વર્ગોમાં જોડાવા કે તે અંગે વધુ માહિતી માટે સચિનભાઈ પટેલના મો. નં. ૭૮૦૨૦ ૧૯૫૭૧ અથવા પિનલબેન પટેલના મો.નં.૯૮૯૮૭ ૮૪૮૨૯ નંબર પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# "ભારત રક્ષા મંચ" કર્ણાવતી શહેર-જિલ્લા દ્વારા ક્ષેત્રીય સંગઠનની મળી બેઠક




ગાંધીનગર, તા.૦૨

"ભારત રક્ષા મંચ" દ્વારા વિવિધ કાર્યક્રમો અમદાવાદમાં આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં ભારત રક્ષા મંચના ક્ષેત્રીય સંગઠનની બેઠકનું આયોજન મહાનુભાવોની ઉપસ્થિતિમાં થલતેજના શ્રી સાંઈ ધામ ખાતે આયોજિત કરવામાં આવ્યું હતું.

ભારત રક્ષા મંચની ક્ષેત્રીય બેઠકમાં મુખ્ય અતિથિ પદે સાઈ ધામના વૈષ્ણવ સમ્રાટ મંહત પૂ.મોહનદાસજી મહારાજ, એએમસીના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેન્દ્રભાઈ બારોટ, વિશેષ અતિથિ પદે ભારત રક્ષા મંચના પશ્ચિમ વિભાગના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તેમજ પશ્ચિમ ક્ષેત્ર સંગઠન પ્રમુખ લક્ષ્મીનારાયણ શર્મા તથા રાષ્ટ્રીય સંગઠન મંત્રી પ્રશાંત કોટવાલ અને ગુજરાત પ્રાંત પ્રમુખ ઈલેવન ઠાકર વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિ બેઠકમાં રહી હતી. સંસ્થાના કર્ણાવતી શહેર-જિલ્લા પ્રમુખ રમેશભાઈ ભરવાડ તરફથી આ મહેમાનોને નિમંત્રિત કરાયાં હતા. "ભારત રક્ષા મંચ" દ્વારા હિન્દુ સંગઠનને મજબૂત કરવાના ક્ષેત્રે ઉમદા કામગીરી કરવામાં આવી રહી છે. લોકોમાં દેશભાવનાની જ્યોત જગાવવાનું કામ ભારત રક્ષા મંચ કરતું આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે કર્ણાવતી ખાતે અગાઉ પણ પરાક્રમ દિવસની ઉજવણી કરાઈ હતી. આ ઉપરાંત કારોબારી પ્રાંતની રચના પણ આગામી વિવિધ કાર્યો અર્થે કરવામાં આવી છે. "ભારત રક્ષા મંચ"ના હોદ્દેદારો ખૂબ જ જવાબદારી પૂર્વક દરેક કામને પરીપૂર્ણ અને સક્રીય રીતે કરતા આવ્યા છે. ક્ષેત્રીય સંગઠનની બેઠકમાં ઉપસ્થિતિ મહાનુભાવો અને અતિથિઓએ પણ "ભારત રક્ષા મંચ"ના સ્ટેજ પર આવીને વિચારોનું આદાન પ્રદાન કર્યું હતું. મહાનુભાવો પણ "ભારત રક્ષા મંચ"ની કાર્યશૈલીથી પણ પ્રભાવિત થયા હતા. "ભારત રક્ષા મંચ"ના કાર્યક્રમો દેશભરમાં થતા આવ્યા છે ત્યારે ક્ષેત્રીય સંગઠનની બેઠકમાં આગામી કાર્યક્રમોને અનુલક્ષીને પણ વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

# ધુળેટી પર રેઈન ડાન્સ અને પુલ પાર્ટીના આયોજનોની ભરમાર

**સ્વિમિંગ પુલમાં પુલ પાર્ટી, રેઈન ડાન્સ, ડીજે સંગીત ઉપરાંત બલુન ફાઇટ જેવા આયોજનો : ઓર્ગેનિક રંગોની વ્યવસ્થા સાથે ઇન્ડોર-આઉટડોર રમતો અને રાત્રે સંગીત સંધ્યા, કેમ્પફાયર સહિતના આયોજનો**

ગાંધીનગર, તા. ૦૨

હિન્દુ સંસ્કૃતિનું પવિત્ર પર્વ હોળી-ધુળેટી નજીક આવી રહ્યું છે. હોળીનાં બીજા દિવસે ધુળેટી ઉજવાય છે. ધુળેટીનો ઉત્સવ 'રંગોનો ઉત્સવ' કહેવાય છે કે કેમકે આ દિવસે સવારથી સૌ કોઇ નાના-મોટા એકબીજા પર અબીલ, ગુલાલ તેમજ કેસુડાનાં રંગો છાંટી પોતાનો ઉત્સાહ અને આનંદ વ્યક્ત કરે છે. જો કે અત્યારના સમયમાં અન્ય ઉત્સવોની જેમ ધુળેટીનો ઉત્સવ પણ વિવિધ કોમર્શિયલ આયોજનો સાથે ઉજવાય છે જેમાં રેઇન ડાન્સ, પુલ પાર્ટી અને ડીજે સંગીત સાથે પાર્ટીઓના આયોજન કરવામાં આવે છે જેમાં નાના બાળકોથી માંડીને વડીલો સહિત પરિવારો અને યુવા મિત્રો ગૃપમાં મોજમસ્તી માણે છે. ગાંધીનગર શહેરમાં તેમજ આસપાસ ચિલોડા સહિતના વિવિધ વિસ્તારમાં આ પ્રકારની પુલ પાર્ટીના આયોજન થયેલાં જોવા મળે છે.

શહેરમાં હોળી-ધુળેટીનો ઉત્સવ મિત્રો અને પરિવાર સાથે માણી શકાય એ માટે ગાંધીનગર શહેર તથા આસપાસમાં અનેક સ્થળે વિવિધ ઈવેન્ટ્સના આયોજનો કરવામાં આવ્યાં છે જેમાં ઓર્ગેનિક રંગોની વ્યવસ્થા સાથે ધુળેટી રમવાનો આનંદ અને સ્વિમિંગ પુલમાં પુલ પાર્ટી, રેઈન ડાન્સ, ડીજે સંગીત ઉપરાંત બાળકોને સહિત મોટેરાંઓને પણ મજા પડે તેવી બલુન ફાઈટ વગેરેની આયોજકો ઓફર કરે છે. આ સાથે પુલપાર્ટી પછી ગરમાગરમ ચટાકેદાર નાસ્તા સાથેના રિફ્રેશમેન્ટ જેમાં મેથીના ગોટા, ભજીયાં, નૂડલ્સ, સેન્ડવીચ, ઢોકળા, ચટની, મસાલા ચણા, મસાલા ચા- કોફી વગેરે વાનગીઓ પીરસાય છે અને તે સાથે ઠંડાઈ પીવાનો પણ ખૂબ ક્રેઝ જોવા મળે છે. આ ઉપરાંત રંગોત્સવ ઉજવી લીધાં બાદ સ્નાન પછી ઈન્ડોર-આઉટડોર રમતો જેવી કે ક્રિકેટ, વોલીબોલ, બેડમિન્ટન, કેરમ, હાઉસી, યુનો કાર્ડ્સ, પ્લેઈંગ કાર્ડ્સ અને બપોરે લંચ, સાંજે ડીનર અને રાત્રે સંગીત સંધ્યા, કેમ્પફાયર સહિતના આયોજનો પણ જોવા મળે છે. ગાંધીનગરમાં પ્રાપ્ત વિગતો અનુસાર ઈન્ફોસિટી, ચિલોડા પાસે ત્રિદેવ પાર્ટી પ્લોટ, અલુવા અને ગ્રામભારતી અમરાપુર આસપાસના રિસોર્ટ્સ વગેરે ખાતે આ પ્રકારના આયોજનો થયેલાં જોવા મળી રહ્યાં છે.

# પંજાબ નેશનલ બેંકની સે.-૧૧ શાખામાં ઋણ શિબિર યોજાઈ



શહેરના સેક્ટર- ૧૧ ખાતે આવેલી પંજાબ નેશનલ બેંક શાખા દ્વારા ઋણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ઋણ શિબિરમાં ૧૩ લાભાથીઓને કુલ રૂ. ૩ કરોડની લોનના સ્વસ્વિકૃતિ પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ઋણ શિબિરમાં અતિથિ ગુરુપ્રતસિંહ સાથે મનિષકુમાર અને પીએનબી ઓફિસર એસોસિએશનના આશિષકુમાર શર્મા હાજર રહ્યાં હતાં.

# પ્રકૃતિ ઉદ્યાન વન્ય પક્ષીનું નિવાસ બન્યું

**અહીં અનુકૂળ વાતાવરણ મળી રહે તે માટે પક્ષીઓના સદાવ્રત તરીકે ઓળખાતા ફાઇકસ વૃક્ષોનું તૈયાર કરવામાં આવ્યું છે વિશેષ વન**



ગાંધીનગર, તા. ૦૨

આજે વિશ્વ વન્યજીવ દિવસ છે. વન્યજીવોના સંરક્ષણ અને સંવર્ધન માટે વિશ્વભરમાં પ્રયાસો થઈ રહ્યા છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૧૮૭૨માં વન્યજીવ સંરક્ષણ કાયદો લાવવામાં આવ્યો જેમાં લુપ્ત થવા જઈ રહેલી વન્યજીવોની પ્રજાતિઓને સૂચિત કરવામાં આવી. વન્યજીવ સંરક્ષણ અધિનિયમની અનુસૂચિ-૧માં યાદીમાં લુપ્ત થવાને આરે હોય તેવા વન્યજીવો સૂચિત કરાય છે. આ યાદીમાં સૂચિત વન્યજીવો ગ્રે હોર્ન બિલ (ચિલોતરો), એશિયન વુલી નેક સ્ટોર્ક (સફેદ ડોક ઢોક), મોર્ટલ વૂડ આઉલ (ગિરનારી ઘુવડ), ઓરિએન્ટલ સ્કોપ આઉલ ( ચુગ્ગડ) અને વન ચિબરીઓ ગાંધીનગર સ્થિત ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનમાં જોવા મળી હતી.

સંસ્થાના રાઉન્ડ ફોરેસ્ટરના જણાવ્યા અનુસાર આ પ્રજાતિઓ બહુ ઓછી જગ્યાએ જોવા મળે છે. ઈન્દ્રોડાનું વાતાવરણ આ પક્ષીઓને અનુકૂળ આવ્યું છે. તેથી કાયમી ધોરણે અહિયાં વસે તે માટે બ્રીડિંગ અને નેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત તેમના અનુકૂલન માટે ફાઈકસ પ્રકારના વૃક્ષોનું વન ઊભું કરવામાં આવ્યું છે. ફાઈકસના વૃક્ષોને પક્ષીઓનું સદાવ્રત કહેવામાં આવે છે. આ વૃક્ષના ટેટા પક્ષીઓનો મુખ્ય ખોરાક હોય છે.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનમાં બિલાડી કુળના એશિયાટિક સિંહ, રોયલ બેંગાલ ટાયગર અને દીપડો સહિતના પ્રાણીઓ છે.

કર્તનશીલ વર્ગ (ખોતરીને ખાનારાં) પ્રાણીઓમાં શાહુડીનું જતન કરાય છે. સરીસૃપ વર્ગમાં ભારતીય અજગર, કોબ્રા, નાગ, આંધળી ચાકળ, ભંફોળી, જળ સાપ જેવી પ્રજાતિના વિવિધ સાપ ઉપરાંત મગર, સૂરજ કાચબો, મીઠા પાણીનો કાચબો વગેરે રાખવામાં આવ્યા છે. ભારતના સૌથી વિશાળ કદ ધરાવનાર અજગરનું અહીં સંવર્ધન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૧૫માં એક અજગર ઈંડાના સેવન વખતે મૃત્યુ પામ્યો હતો તેનું આર્ટિફિશિયલ ઈક્યુબેશન કરીને ૧૪ માંથી ૧૦ ઈંડામાંથી અજગરનો જન્મ કરાવવામાં આવ્યો હતો.

ઈન્દ્રોડા પ્રકૃતિ ઉધાનમાં ઘરે જોવા મળતી ચકલીઓ નહિવત પ્રમાણમાં હતી.